# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૩૦/૩/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# આકર્ષક કરતા આવશ્યકને પસંદ કરશો તો બિઝનેસ અને જીવનમાં ચોકકસ સફળતા મળશે

**ચેમ્બરમાં 'ભાગવદ્ ગીતા'ના કન્સેપ્ટ ઉપર શ્રી વિનય પત્રાલેએ બિઝનેસ મેનેજમેન્ટના પાઠ ભણાવ્યા**

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગતરોજ નાનપુરા સમૃદ્ધિ ખાતે 'ભાગવદ્ ગીતા કન્સેપ્ટ ઇન બિઝનેસ મેનેજમેન્ટ' વિષય ઉપર ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાત વકતા તરીકે ઓથર, ફિલોસોફર અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ શ્રી વિનય પત્રાલેએ 'ભાગવદ્ ગીતા'ના કન્સેપ્ટ ઉપર બિઝનેસ મેનેજમેન્ટના પાઠ ભણાવી માર્ગદર્શન આપ્યુ હતુ.

શ્રી વિનય પત્રાલેએ 'ભાગવદ્ ગીતા'ના કન્સેપ્ટ ઉપર બિઝનેસ મેનેજમેન્ટ અને જીવન જીવવાની કળા વિશે જણાવ્યુ હતુ કે, સફળતા માટે આકર્ષક અને આવશ્યક વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. જીવનમાં આકર્ષક કરતા આવશ્યકને પસંદ કરવામાં આવે તો ચોકકસ રીતે સફળતા મેળવી શકાય છે. જીવનના નિર્ણય કરવા માટેનું માર્ગદર્શન ભાગવદ્ ગીતામાં છે. જેમાં દરેકનું ભલુ વિચારવાનું શીખવાડવામાં આવે છે.

તેમણે જણાવ્યુ હતુ કે, જ્ઞાન સિવાય કશું જ પવિત્ર નથી. જ્ઞાન એ સૌથી મોટી શકિત છે. બિઝનેસમાં જ્ઞાન જ તમને રસ્તો બતાવે છે. બિઝનેસમાં સફળ થવા માટે જ્ઞાન, સતત પર્ફેકશનની ચાહના અને બીજાનો દૃષ્ટિકોણ સમજતા આવવો જોઇએ. બિઝનેસમાં તમારે સામેવાળાના દૃષ્ટિકોણથી પણ વિચારવુ પડે છે. બિઝનેસમાં સફળતા માટે તેમણે લીડરશીપ, ઓર્ગેનાઇઝેશન, રિલેશનશિપ અને એડમિનિસ્ટ્રેશન વિશે સમજણ આપી હતી.

તેમણે કહયુ હતુ કે, બિઝનેસમાં અને ઓર્ગેનાઇઝેશનમાં કયારે કોણે શું કરવું એની યોજના બનેલી હોય છે. આથી કોઇની એક નાની ભૂલથી કામ બગડી જાય છે અને એ સમયસર પૂર્ણ થતુ નથી. આથી આપણું બોલવું પણ સત્ય, હિતકારી અને પ્રિય હોવું જોઇએ. મેનેજમેન્ટ કર્મચારીનું વિચારે તો કર્મચારી પણ આઉટ ઓફ ધી વે જઇને કામ કરી શકે.

શ્રી પત્રાલેએ વધુમાં કહયુ હતુ કે, ઉદ્દેશ્ય પરથી કર્મનું મૂલ્યાંકન થાય છે. આથી કોઇપણ માણસ પ્રત્યે પૂર્વગ્રહ રાખવો નહી. આપણો હોદ્દો ભલે મોટો હોય પણ ઉમરમાં મોટી વ્યકિતનું સન્માન કરો અને નાના પ્રત્યે પ્રેમની ભાવના રાખો. તેમણે ભાગવદ્ ગીતાના વિવિધ શ્લોકોની સરળ ભાષામાં સમજણ આપી હતી. સાથે જ રામાયણ અને મહાભારતના કેટલા દૃશ્યો થકી પણ સત્યની જીતના પાઠ ભણાવ્યા હતા.

તેમણે સરસ દાખલો આપતા સમજણ આપી હતી કે, સફળતાના શીખર ઉપર પહોંચવું હોય તો સૌપ્રથમ પહેલું પગથીયુ ચડવાનું હોય છે. પહેલા પગથીયા બાદ જ બીજા અને ત્યારબાદના તમામ પગથીયા ચડી શકાય છે. આથી નિર્ણય લઇને શરૂઆત કરવી પડે છે. શરૂઆતમાં તમને સફળતાના શીખરની ટોચ દેખાશે નહી પણ જેમ જેમ તમે શીખર ચડતા જશો તેમ તેમ શીખરની ટોચ નજીક આવતી જશે. શીખરનો જેટલો ભાગ દેખાય છે ત્યાં સુધી પહોંચો એટલે ત્યાંથી આગળનો ભાગ દેખાશે. આથી આગળના દેખાતા ભાગ સુધી પહોંચશો તો તેનાથી આગળનો ભાગ તમને દેખાશે. આમ અંતે તમે શીખરના ટોચ સુધી પહોંચી સફળતા મેળવી જ લેશો.